# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

એ-૩,જિલ્લા સેવા સદન-૨,અઠવાલાઈન્સ,સુરત, (ISO 9001:2008 Certified)
Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id:suratdeo@gmail.com

જા.નં./મા-૩/૨૦૨૧/૬૬૨૧ તા. ૧/૦૫/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ,

વિષય : રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની ભરતી વર્ષ-૨૦૨૧ અન્વયે ખાલી જગ્યામાં ઉમેરો કરવા બાબત.

સંદર્ભ : કમીશ્નરશ્રી, શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક ; અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૧/૭૯૭૯-૮૦૧૨,તા.૨૪/૦૫/૨૦૨૧

ઉક્ત પરિપત્ર અન્વયે સંબંધીત શાળાઓએ પત્રક A ની માહિતી તથા પ્રમાણિત થયેલ રોસ્ટર સાથે તા.૨૬.૦૫.૨૦૨૧ ના રોજ બપોરે ૩.૦૦ કલાક સુધીમાં મા-૩ શાખામાં શાળાના જાણકાર કર્મચારીએ હાજર રહેવું. ત્યારબાદ કોઈપણ માહિતી સ્વીકારવામાં આવશે નહિ અને સંબંધિત જે પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી સંબધિત શાળાના આચાર્યની રહેશે.

નોંધ :- શ્રી જિલ્લા શિક્ષણાધિકારીની મૌખિક સુચના અન્વયે

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિ.સુરત

# Commissionerate of Schools

Government of Gujarat

Block No. 9, 1st Floor,Dr. Jivraj Mehta Bhavan,Gandhinagar 382 010

E-mail: ssmadhyamik2@gmail.com, jointdirectors@gmail.comTe. No. : 079 23254011


ક્રમાંક : અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૧/૭૯૭૯-૮૦૧૨ તા.૨૪/૦૫/૨૦૨૧

પ્રતિ,

જિલ્લાશિક્ષણાધિકારીશ્રી

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

તમામ

વિષય: રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી વર્ષ ૨૦૨૧ અન્વયે ખાલી જગ્યામાં ઉમેરો કરવા બાબત

સંદર્ભ – અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:માધ્ય/ઘ/અનદ-૧/૨૦૨૧/૩૧૬૨-૯૫ તા.૦૬/૦૨/૨૧

શ્રીમાન ,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ ૨૦૨૧ અંતર્ગત આપના જિલ્લાના નિયંત્રણ હસ્તકની ખાલી જગ્યા ધરાવતી શાળાઓની વિગતો આપના દ્વારા સુધારા-વધારા સાથે મોકલી આપવામાં આવેલ.

જે અન્વયે અગાઉ આપના દ્વારા મોકલેલ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓની ખાલી જગ્યાઓ ઉપરાંત, તા.૩૧/૦૫/૨૧ ની સ્થિતિએ નિવૃતિ, રાજીનામાં કે અન્ય કારણોસર પાછળથી ઉભી થયેલ શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓ કે જેની સબંધીત શાળાના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થઈ ગયેલ હોય તો આવી પાછળથી ઉભી થયેલ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ખાલી જગ્યાઓની વિગતો આ સાથે સામેલ પ્રમાણપત્ર સહિતના નિયત **નમુના પત્રક-A** માં નીચે મુજબની સૂચનાઓને ધ્યાને લઈ આપની કચેરીના જાણકાર કર્મચારી/અધિકારી સાથે તા.૨૮/૦૫/૨૧ ના રોજ રૂબરૂમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે અને જો માહિતિ શૂન્ય હોય તો શૂન્ય માહિતીનુ પત્રકનો ઇ-મેઇલ ssmadhyamik2@gmail.com કરી, આ અંગે સદર કચેરીને ટેલિફોનિક જાણ કરવાની રહેશે.

**ધ્યાને લેવાની સૂચનાઓ**

- ઉમેરો કરવાની ખાલી જગ્યાઓના રોસ્ટર પ્રમાણિત છે કે કેમ? તે ચકાસીને જ ઉમેરો કરવા ખાલી જગ્યા મોકલવી.
- આપની કક્ષાએથી પાંચમા રાઉન્ડ માં ખાલી રહેલ કોઇપણ જગ્યા ઉમેરવાની રહેશે નહિં.
- ખાલી જગ્યાઓની વિગતો અન્વયે નામ. હાઈકોર્ટના સબંધિત વચગાળા/અંતિમ ચુકાદાઓનો અભ્યાસ કરીને જ વિગતો રજુ કરવી. જેથી નામ. હાઈકોર્ટના અનાદર અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય.
- નવી ઉમેરવા પાત્ર ખાલી જગ્યાઓ રજુ કરતાં પહેલાં https://gserc.in/ વેબસાઈટ પર બિનસરકારી અનુદાનિત માધ્યમિક વિભાગની આપના જિલ્લાની દર્શાવેલ ખાલી જગ્યાઓ ચકાસવી. જેથી ડુપ્લીકેટ જગ્યાઓનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ – **નમુના પત્રક-A**



Scanned with CamScanner

પત્રક – A

(માધ્યમિક વિભાગ- ઉમેરો કરવા પાત્ર જગ્યાઓની વિગત)

આથી પ્રમાણ પત્ર આપવામાં આવે છે કે ............................................... જિલ્લાની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓની ગુજરાતી માધ્યમની કુલ....... અને અંગ્રેજી માધ્યમની કુલ........... જગ્યાઓ https://gserc.in/ વેબસાઇટ પર મુકેલ છે જેની ચકાસણી કર્યા બાદ આ જગ્યાઓ ઉપરાંત ગુજરાતી માધ્યમની કુલ....... અને અંગ્રેજી માધ્યમની કુલ........... જગ્યાઓ ઉમેરો કરવાપાત્ર છે.

| SR.NO | SCHOOL NAME | VILLEGE NAME | BLOCK NAME | DISTRICT NAME | SCHOOL TYPE (CO-EDUCATIONAL, GIRLS,BOYS, SPECIAL SCHOOL) | SUBJECT OF VACANT POST | VACANT POST CATEGORY (OPEN,SEBC, SC,ST,EWS) | MEDIUM OF VACANT SUBJECT (GUJARATI, HINDI, EIGLISH) | FEMALE RESERVED (YES/NO) | IS PH (YES/NO) | TOTAL NUMBER OF CLASS STD-9 | TOTAL NUMBER OF STUDENTS IN STD-9 | TOTAL NUMBER OF CLASS STD-10 | TOTAL NUMBER OF STUDENTS IN STD-10 | REASON FOR VACANT POST | DATE OF VACANT POST |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | |